## આગામી માસમાં ખેડૂતોને માર્ગદર્શન માટે કૃષિ રથનું આયોજન
## ખેતી ક્ષેત્રે સિધ્ધિ હાંસલ કરનાર ખેડૂતોનું સન્નમાન કરાયું
## છોટાઉદેપુર ખાતે વડોદરા અને છોટાઉદેપુર જિલ્લાનો સંયુકત કૃષિ મહોત્સવ યોજાયો

છોટાઉદેપુરઃ- ગુરૂવારઃ છોટાઉદેપુર અને વડોદરા જિલ્લાનો સંયુકત કૃષિ મહોત્સવ રાજયના કૃષિ ખેડૂત કલ્યાણ અને ઉર્જા મંત્રીશ્રી ચીમનભાઇ સાપરીયાની અધ્યક્ષસ્થાને એસ.એન.કોલેજ છોટાઉદેપુર ખાતે યોજાયો હતો.

આ અવસરે રાજયના કૃષિ મંત્રીશ્રી ચીમનભાઇ સાપરીયાએ જણાવ્યું હતું કે, ગુજરાતના ખેડૂતોના કલ્યાણ અને હિત માટે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ સને-૨૦૦૫થી કૃષિ મહોત્સવનો પ્રારંભ કરાયો હતો. જેના થકી ખેડૂતો આધુનિક ખેત-પધ્ધતિ અપનાવી આજે ખેડૂતો મહત્તમ પાક ઉત્પાદન લેતા થયા છે અને આર્થિક સધ્ધરતામાં વધારો થયો છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, ખેડૂતોને તુવેર અને મગફળીના પોષણક્ષમ ભાવો મળી રહે તે માટે રાજય સરકારે ખેડૂતના હિતમાં નિર્ણય લઇ તુવેર અને મગફળીની ખરીદી કરી ખેડૂતોને પોષણક્ષમ ભાવો આપી શકયા છીએ. ઉપરાંત ખેડૂતો ઓછા ખર્ચે, ઓછા પાણીએ વધારામાં વધારે પાક ઉત્પાદન લે તે માટે ડ્રીપ ઇરીગેશન માટે સહાયમાં વધારો કરાયો છે. જેથી મહત્તમ ખેડૂતોને પધ્ધતિ અપનાવવા સલાહ આપી હતી.

રાજયના ખેડૂતો ઓર્ગેનિક ખેતી કરી આર્થિક સધ્ધરતા પ્રાપ્ત કરે તે માટે ગુજરાતમાં ઓર્ગેનિક કૃષિ યુનિવર્સિટી સ્થાપવાનું આયોજન કરાયું છે. ખેડૂતો માટે પ્રધાનમંત્રી સિંચાલ યોજના અમલમાં મૂકી છે. જેનો મહત્તમ લાભ લેવા અનુરોધ કરતા રાજયના કૃષિ મંત્રીશ્રી ચીમનભાઇ સાપરીયાએ જણાવ્યું હતું કે, ખેડૂતોને ઝેરી જાનવર કરડવા કે અકસ્માત મૃત્યુ થાય તો ખેડૂતોના વારસદારને રૂ.૧ લાખની સહાય આપવામાં આવે છે. નાના સિમાંત ખેડૂતો તેમજ અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિના ખેડૂતો માટે સબસીડીમાં વધારો કરાયો છે. ખેડૂતોના ખેતરમાં ભૂંડ અને રોઝ જેવા પ્રાણીઓથી ખેતીને નુકશાન થતું હોવાથી રાજય સરકારે ખેડૂતોનો પાક બચાવવા માટે રૂ.૭૫૦ કરોડની તારની વાડની યોજના અમલી બનાવી છે. ચાલુ વર્ષે રૂ.૨૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ખેડૂતોને કૃષિલક્ષી જુદી-જુદી યોજનાઓના લાભ આપવા માટે આઇ કિશાન પોર્ટલના માધ્યમ દ્વારા સહાય અને સબસીડી માટે રજીસ્ટ્રેશન કરવામાં આવે છે. જેના થકી ખેડૂતોને લાભ આપવામાં આવે છે.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ખેતી આધારીત ઉદ્યોગો ખેડૂતની પોતાની જમીનમાં કરવો હોય તો જમીન એન.એ. કરાવી પડશે નહી તથા ૨૪ કલાક વીજળી આપવાનો નિર્ણય કર્યો છે. દર વર્ષે ખેડૂતોને નવા વીજ કનેકશન આપવા એક સર્વે નંબરમાં બે વીજ કનેશકન આપવા રાજય સરકાર દર વર્ષે રૂ.૪૭૦ કરોડની વીજ સબસીડી આપે છે. તેમણે ખેડૂતોના કલ્યાણ માટે કૃષિલક્ષી વિવિધ યોજનાઓ અમલીત છે. જેનો લાભ લઇ મહત્તમ ઉત્પાદન વધારી રાજય અને દેશના વિકાસમાં સહભાગી બનવા અનુરોધ કર્યો હતો, ઉપરાંત કૃષિ મહોત્સવ સફળ થવા બદલ જિલ્લા વહીવટી તંત્રને અભિનંદન પાઠવ્યા હતા.

રાજય કક્ષાના વન અને આદિજાતિ વિભાગના મંત્રી અને છોટાઉદેપુર જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી શબ્દશરણભાઇ તડવીએ જણાવ્યું હતું કે, ખેડૂતોના ઉત્થાન માટે રાજય સરકારે અથાગ પ્રયાસો આદરીયા

છે ત્યારે ખેડૂતોએ અવ-નવી ખેત પધ્ધતિ અપનાવી મહત્તમ પાક લેવા ભાર મૂકયો હતો. છેલ્લા ચૌદ વર્ષથી કૃષિ મહોત્સવના આયોજનના લીધે ખેડૂતોના જીવનમાં પરિવર્તન આવ્યું છે. ઉપરાંત ખેડૂતો બાગાયતી ખેતી તરફ વળી આર્થિક સધ્ધરતા પ્રાપ્ત કરવાની શીખ આપી હતી.

રાજયના વન અને આદિજાતિ વિકાસ વિભાગના સંસદીય સચિવશ્રી જયંતિભાઇ રાઠવાએ વર્તમાન સરકારે જયારથી સાશનધુરા સંભાળી ત્યારથી જ ખેડૂતોના ઉત્કર્ષ માટે અનેકવિધ કૃષિલક્ષી યોજનાઓ અમલી બનાવી છે. જેનો લાભ લેવા શીખ આપી હતી, વધુમાં ઉમેર્યું કે, આદિજાતિ ખેડૂતોના સર્વાંગી વિકાસ માટે રાજય સરકારે અથાગ પ્રયાસો આદરવાને લીધે ખેડૂતો આત્મનિર્ભર બન્યા છે.

સાંસદશ્રી રામસિંહ રાઠવાએ જણાવ્યું હતું કે, ભારત દેશ કૃષિ પ્રધાન દેશ છે ત્યારે ખેડૂતોના હિત માટે રાજય સરકારે છેલ્લા ચૌદ વર્ષથી કૃષિ મહોત્સવના આયોજનને લીધે ખેડૂતો વૈજ્ઞાનિક ખેત પધ્ધતિ અપનાવતા થયા છે, સાથોસાથ સપ્રમાણ ખાતર, પાણી અને નિંદામણ અપનાવી ખેડૂતો સારામાં સારૂ પાક ઉત્પાદન લેતા થયા છે.

આ અવસરે ખેતી ક્ષેત્રે સિધ્ધિ હાંસલ કરનારા ખેડૂતોને સહાયના ચેક/પ્રમાણપત્ર આપી મંત્રીશ્રી તેમજ મહાનુભાવોના હસ્તે બહુમાન કરાવામાં આવ્યું હતું.

પ્રારંભમાં મંત્રીશ્રી તેમજ મહાનુભાવોએ કૃષિલક્ષી વિવિધ યોજનાઓની ઝાંખી કરાવતા સ્ટોલ-પ્રદર્શનની મુલાકાત લીધી હતી.

આ પ્રસંગે ડભોઇના ધારાસભ્યશ્રી બાલકૃષ્ણ પટેલ, ગુડાના ચેરમેનશ્રી એમ.વી.પટેલ, કલેકટરશ્રી વિજય ખરાડી, આણંદ કૃષિ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડો.એન.સી.પટેલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી અમૃતેશ ઔરંગાબાદકર, સામાજિક અગ્રણીઓ જશુભાઇ રાઠવા, એસ.ટી.નિગમના ડીરેકટરશ્રી જશુભાઇ ભીલ તેમજ વડોદરા-છોટાઉદેપુર જિલ્લાના ખેતીવાડી અધિકારીશ્રીઓ, પદાધિકારીઓ અને ખેડૂતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

0000000000000










બાગાયતી પાકોમાં
સૌનો સાથ... સૌનો વિકાસ...
બાગાયત નિયામક
મરચાં